Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यह ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૧ મું
અંક ૨
૧૫ ડીસેમ્બર

માગશર

વીર સં. ૨૪૯૦
વિ. સં. ૨૦૨૧
ઇ. સ. ૧૯૬૪

सोही उज्जुयभूयस्स, धम्मो सुद्धस्स चिट्ठई ।
निव्वाणं परमं जाइ, घयसित्ते व्व पावए ॥ १० ॥

સરલ માણસ શુદ્ધિ મેળવી શકે છે. જે માણસ શુદ્ધ હોય તેના ચિત્તમાં ધર્મ ટકી શકે છે. જેમ ઘીથી છંટાએલો અગ્નિ વિશેષ પ્રકાશમાન થાય છે, તેમ તેવો ધર્મમય મનુષ્ય વિશેષ પ્રકાશમાન થઈ ઉત્તમ નિર્વાણને–પરમ શાંતિને પામે છે.

विगिंच कम्मुणा हेउं जसं संचिणु खन्तिए ।
सरीरं पाढवं हिच्चा, उड्ढं पक्कमई दिसं ॥ ११ ॥

પાપકર્મોના હેતુને અર્થાત્ આસક્તિને છેદી નાખે, ક્ષમા–સરળતા વગેરે ગુણો મેળવીને અતિશય જશ પ્રાપ્ત કરે; આ રીતે કરનારો મનુષ્ય આ પાર્થિવ શરીરને છોડીને ઊંચી દિશા તરફ પ્રયાણ કરે છે.

—મહાવીર વાણી

પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૮૧ મું :: વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી પંચપરમેષ્ઠીની સ્તુતિ .... | (મુનિ હેમચંદ્રવિજયજી) | ૧૩ |
| ૨ | જૈન ધરમ પ્રકાશ જય પામો .... | (મનમોહનવિજયજી) | ૧૩ |
| ૩ | શ્રી વર્દ્ધમાન–મહાવીર : મણકો બીજો–લેખાંક : ૩ | (સ્વ. મૌક્તિક) | ૪ |
| ૪ | આશાની શૃંખલા .... | ('સાહિત્યચંદ્ર' બાલચંદ હીરાચંદ) | ૧૮ |
| ૫ | કષાયો સંબંધી સાહિત્ય સજ્ઝાયો .... | (પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.) | ૨૧ |
| ૬ | उपाध्याय विमलहर्षभास ... | (अगरचंद नाहटा) | ટા. પેજ ૩ |


(ટાઇટલ પેજ ૪ થી શરૂ)

सवे वाचक मांहि तिलक समोवड, जस महिमा जगि सोहिजी ।
श्री विमलहर्ष गुरू मोहन मूरति, दीठइ सुरनर मोहिजी ॥ १ ॥ श्री वि०
मालव देस मनोहर दीसई, तीहां नयर दे वास ते दीपइजी ।
पुन्यवत लोक वसि तिहां बोहोला, रीधइ सुर परि जीपइजी । २ । श्री वि०
तीहां दीपचन्द शाह अमर सम जांणइ, तस धरणी सोभागदे नारिजी ।
पुरुष रयण तेणीय जाउ, सुन्दर कल सणगारजी ॥ ३ ॥ श्री वि०
दासूनाम तब हरषइ दीधुं, वरत्यो जइजइकारजी ।
सुजन कुटंब सहू आणंद प्राम्या, धवलमंगल गाइ नारिजी ॥ ४ ॥ श्री वि०
जोबन वि कुमर जव प्राम्यो, न रचइ रमणी संगजी ।
श्री विजयदान सूरीसर पासि, संजम लेइ मन रंगिजी ॥ ५ ॥ श्री वि०
व्याकर्ण वेद कुरांण पुरांण, आगम अर्थनो जाणजी ।
ज्योग्य जाणी गुरू हीरजीय आप्युं, वाचक पद परमाणजी ॥ ६ ॥ श्री वि०
देस वदेस वीहार करइ प्रभू, वूझवइ जांण अजांणजी ।
भूला भवि जिन मारगि आणि, सरि वहइ जिननी आणिजी ॥ ७ ॥ श्री वि०
सीयलि थूलभद्र समोवडि कहीय, लबधि गौतम तो लइजी ।
श्री विमलहर्ष उवझाय अनोपम, नरनारी गुण बोलइजी ॥ ८ ॥ श्री वि०
गोयम सोहम जंबू समोवड़, विद्याविर कुमारजी ।
धंनो सालिभद्र मेघमुनि परि, जागि पूरव साध अणसारिजी ॥ ९ ॥ श्री वि०
साह दोपचंद कुल दीपक दीयो, जीवो कोड़ि वरीसजी ।
सीष्य प्रेगविजय करकमलज जोड़ी, हरषइ देइ आसीसजी ।
श्री विमलहर्ष गुरू मोहन मूरति, दीठइ सुरनर मोहइजी ॥१०॥ श्री वि०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ


| પુસ્તક ૮૧ મું<br>અંક ૨ | માગશર | વીર સં. ૨૪૯૧<br>વિક્રમ સં. ૨૦૨૧ |
|---|---|---|


## શ્રી પંચપરમેષ્ઠાની સ્તુતિ

જે તારકે ભાવ દયા ધરીને, સ્થાપ્યું મહાશાસન તારવાને;  
જેની કરે કોટિસુરો સુસેવા, નિત્યે નમું તે અરિહંત દેવા. ૧

કર્મો હણી ધ્યાનબળે બધાયે, જે મુક્તિમાં સાદિ અનન્ત ભાવે;  
બિરાજતાં, સૌખ્ય અપૂર્વ પાવે, તે સિદ્ધ દેવો મુજ સિદ્ધિ આપો. ૨

અપૂર્વ પાંડિત્ય ધરાવનાર, કરે સદા શાસનનો વિચાર;  
સદ્ બ્રહ્મ તેજે રવિને જિતે જે, તે સૂરિજીને નમું ભક્તિ ભાવે. ૩

સૂત્રાર્થ જાણે શ્રુતબોધ આપે, જે સાધુઓને નિજમાર્ગ લાવે;  
સેનાપતિ રૂપ જિનેશ ધર્મે, વંદુ સદા પાઠક પાદ પદ્મે. ૪

ચારિત્રમાં જે દિનરાત લીન, સ્વાધ્યાય ને સતપમાં પ્રવીણ;  
પુણ્યોદયે દર્શન થાય જેનાં, સદા ગ્રહું તે શરણાં મુનિનાં. ૫

—મુનિ હેમચંદ્રવિજયજી

## જૈન ધરમ પ્રકાશ જય પામો

જૈન કુળમાં જન્મીને, કરજો ધર્મના કામ;  
નવરાશે શુભ ધ્યાનમાં, રહો સદા એક ઠામ. ૧  
ધરજો આણ જિણંદની, કરવા આત્મકલ્યાણ;  
રક્ત રહો જિન આણમા, પામો શિવપુર સ્થાન. ૨  
મસ્તક નમે જિન દેવને, સદ્ગુરૂ કંચન સમાન;  
પ્રગટ ધર્મ જે જિનનો, તે મુજ હો પ્રમાણ. ૩  
કારણ શિવપુર સ્થાનનું, સમકિત જે કહેવાય;  
શરણ ચાર ગ્રહો સદા, અંતે શુભ ગતિ થાય. ૪  
જગત જીવ પ્રત્યે સદા, રાખો સૌ સદ્ભાવ;  
યમલોકને દૂર કરી, શ્રી શુભ ગતિ શોભાવ. ૫  
પાપ કર્મનો ક્ષય કરી, પામો શિવપુર સ્થાન;  
મોહન ગુરૂ મનોહરતણો, વાંછે જગત કલ્યાણ. ૬

—મનમોહનવિજય

For Private And Personal Use Only

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

મણકો ૨ જો :: લેખાંક : ૩

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

"તમે જંબુદ્વીપના દક્ષિણ ભરતમાં જઈ દેવાનંદાના ગર્ભને ઉપાડીને નજીકના ક્ષત્રિયકુંડ ગામના સિદ્ધાર્થ રાજાની પત્ની ત્રિશલાદેવીની કૂખે સ્થાપન કરો અને ત્રિશલાદેવીના પુત્રીના ગર્ભને દેવાનંદાની કૂખમાં મૂકો."

હિરણ્ગમેષી દેવ તો અત્યંત આજ્ઞાનુસારી હતો. તે તો દેવેન્દ્રનો હુકમ સાંભળી કારણ પૂછવા પણ ઊભો ન રહ્યો અને હુકમ પ્રમાણે અમલ કરવા દોટ મૂકી. મનુષ્યલોક(મર્ત્યલોક) અને પ્રથમ દેવલોકને અંતર એટલું બધું છે કે દેવની જે ત્રણ પ્રકારની ગતિથી કોઈ પણ ગતિએ ચાલે તો દેવલોકમાંથી મનુષ્યલોકમાં પહોંચતાં છ માસ થાય. કારણ કે ૧૦૦૦ જોજનને આંતરને ઉત્સેધ આંગુળથી ગણવાનો છે અને ૧૦૦૦ જોજનના તો ૧૬૦૦૦ ગાઉ થાય.

દેવતાને ચાર પ્રકારની ગતિ હોય છેઃ પ્રથમ ગતિને **ચંડા** ગતિ કહેવામાં આવે છે. તેમાં દેવો દરેક સમયે ૨૮૩૫૮૦ ૧/૦ ગાઉ ચાલે છે. એટલું તેટલું ક્ષેત્ર કાપી નાખે છે. એવું મોટું પગલું ભરે છે. તેઓનું પગલું આવડું મોટું હોય છે.

બીજી **ચપલા** ગતિએ દેવો ચાલે છે. તેમાં આંખ મીંચીને ઉઘાડતાં તો અસંખ્ય સમય થાય, પણ દેવો તો આ ચપલા ગતિમાં એક સમયમાં ૪૭૨૬૩૩ યોજન અને ૩૦ કળાનું એક ડગલું ભરે છે. આ બીજા પ્રકારની ગતિ થઈ.

દેવોની ત્રીજી ગતિનું નામ જયણા ગતિ છે. તેમાં એક સમયમાં દેવો ૬૬૧૬૮૬ યોજન અને ૫૪ કળાનું એક એક ડગલું ભરે છે.

આ ત્રણ ઉપરાંત ચોથી વેગા નામની ગતિ છે; તેમાં દેવો પ્રત્યેક સમયે ૮૫૦૭૪૦ યોજન અને અઢાર કળા ચાલે છે. આવડું મોટું ડગ ભરે છે. આ ચારમાંની કોઈ પણ ગતિએ ચાલતાં દેવને છ માસથી વધારે વખત લાગે છે. હિરણ્ગમેષી તો અત્યંત આજ્ઞાનુસારી દેવ હતો, તેણે તો ઇન્દ્રનો હુકમ સાંભળી કાંઈ પણ કારણ ન પૂછતાં ચાર પ્રકારથી પણ આગળ વધે એવી ગતિ લીધી; અને અસંખ્ય દ્વીપ સમુદ્રો ઉલ્લંઘી ધૂમાડા જેવી ગતિએ એ જેમ બને તેમ જલ્દી માહણકુંડનગર તરફ તે જંબુદ્વીપમાં પહોંચી ગયો. દેવાનંદા તો તે વખતે ઊંઘતી હતી. તેની યોનીવાટે ગર્ભને બહાર કાઢી તેણે સામે આવેલા ક્ષત્રિયકુંડ નગરનો માર્ગ લીધો. ત્યાં જઈને પ્રથમ પુત્રીનો ગર્ભ હતો તે યોની વાટે બહાર કાઢ્યો અને તે ગર્ભમાં પ્રભુના જીવને (દેવાનંદાના ગર્ભને) મૂકીને ત્યાંથી પાછા માહણકુંડ જઈ ત્યાં ત્રિશલાની પુત્રીના ગર્ભને મૂકી આવ્યો અને પછી ધૂમાડાની ગતિએ દેવલોકમાં પહોંચી ગયો અને ત્યાં ઇન્દ્રને જઈને કહ્યું કે 'આપના હુકમ પ્રમાણે સર્વ અમલ કરી આવ્યો છું.' ઇન્દ્રે એ વાત જાણી. જ્ઞાનથી જોઈ તેથી તેને ઘણો આનંદ થયો.

આ ગર્ભસંક્રમણની હકીકત દિગંબર ભાઈઓ માનતા નથી. શ્વેતાંબરો માટે વિશેષાવશ્યક આદિ ગ્રંથો અને સુબોધિકા ટીકા તથા અનેક મહાવીર ચરિત્રો છે. આ અસાધારણ બનાવને 'અચ્છેરા' અથવા આશ્ચર્યભૂત બનાવ તરીકે ગણવામાં આવે છે અને અનેક ચોવીશીઓ ગયા પછી એવા અચ્છેરા કુદરતમાં બની આવે છે. આ ચોવીશીમાં પાંચ અચ્છેરા મહાવીરસ્વામીની પહેલાના વખતમાં થયા અને પાંચ તો ખૂદ મહાવીરસ્વામીના વખતમાં જ બનવાના હતા. તે પૈકી આ ગર્ભસંક્રમણ કરવું પડ્યું તે તુચ્છ બનાવ છે અને એવો અથવા કાંઈક આશ્ચર્ય કરે તેવો બનાવ અનંત ચોવીશીઓ પછી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બની આવે છે. આ અતિ તુચ્છ બનાવ છે અને તેથી આ ઉત્સર્પિણીકાળ પણ તુચ્છ ગણાય છે. આપણે એ દશે આશ્ચર્યભૂત બનાવો જોઈ જઇએ

૧. મધ્યમ અવગાહનાવાળા એક સમયે એકસો ને આઠ એક સાથે મોક્ષ જાય, પણ પાંચસે ધનુષ્યની ઉત્કૃષ્ટી કાયાવાળા એટલે ઉત્કૃષ્ટી અવગાહનાવાળા એક જ સમયે સાથોસાથ મોક્ષે ન જાય; તેવો નિયમ હોવા છતાં અષ્ટાપદ પર્વત પર પાંચસે ધનુષ્યની અવગવાહનાવાળા એક શ્રી અરિહંત ઋષભદેવ પોતે, ભરત ચક્રવર્તીના નવાણું પુત્રો અને આઠ ભરતના પુત્રો મળી કુલ એકસો ને આઠ મોક્ષે ઋષભદેવ–પ્રથમ તીર્થંકરના સમયમાં મોક્ષે ગયા. એ પ્રથમ આશ્ચર્યકારક બનાવ બન્યો.

૨. જુગલીયું ત્યાંથી મરીને ઘણે ભાગે દેવલોકમાં દેવ થઇને જાય, અથવા મનુષ્ય થાય, પણ તેના સંયોગોને લઇને તે નારક ગતિમાં ન જાય, પણ હરિ તથા હરિણી નામનું યુગલિયું મરીને નરકે ગયું એ આશ્ચર્યભૂત બનાવ આદિશ્વર ભગવાનને વારે બની ગયો.

૩. પરિગ્રહના ત્યાગીની અગાઉ પૂજા થતી હતી, બ્રહ્મચારીની પૂજા થતી હતી, પણ પાપારંભી, પરિગ્રહવંતની કે અબ્રહ્મચારી ગૃહસ્થને વેષે રહેવાવાળા અસંમતિ પૂજા થતી નહોતી, પણ નવમા તીર્થંકર સુવિધિનાથના નિર્વાણ પછી આ અસંમતિની પૂજા પ્રતિષ્ઠા થઇ અને સાધુધર્મ સમૂળગો વિચ્છેદ પામી ગયો. શ્રાવકો સામાન્ય રીતે ધર્મ કહેતા અને ચલાવતા હતા, પણ તેની સાથે અભિમાન ધરતા હતા અને મતિ કલ્પનાથી પોતાને સુપાત્ર મનાવતા. આવી રીતે ગૃહસ્થો ઉપદેશ દેવા લાગ્યા અને તીર્થ વિચ્છેદ ગયું એ ત્રીજું આશ્ચર્ય શ્રી સુવિધિનાથના સમયમાં થયું.

૪. બધા તીર્થંકરો પુરૂષવેદે તીર્થંકર થાય છે, પણ ઓગણીશમાં મલ્લીનાથ સ્ત્રીપણે તીર્થંકર થાય. પુરૂપપ્રધાન ધર્મમાં આ આશ્ચર્યકારક ઘટના બની. એ અચ્છેરૂં ઓગણીશમા તીર્થંકર મલ્લીનાથના સમયમાં થયું.

૫. જે વાસુદેવ જે દ્વીપનો હોય તે દ્વીપમાં જ જાય છે. આ ભરતક્ષેત્રના વાસુદેવ શ્રી કૃષ્ણ વાસુદેવ સતી દ્રૌપદીને શોધવા ધાતકીખંડના દક્ષિણાર્ધ-ભરતમાં અમરકંકા નગરીએ ગયા અને ત્યાંના વાસુદેવને શંખ વગાડીને મળ્યા. જો કે તે દૂરથી મળવાનું થયું હતું, પણ એવું કોઈ કાળે બનતું નથી તેથી બાવીશમા તીર્થંકર શ્રી નેમનાથના સમયમાં આ આશ્ચર્યભૂત બનાવ બન્યો.

આ પાંચ અછેરા મહાવીરસ્વામીની અગાઉ થઈ ગયા. ખુદ મહાવીરના સમયમાં પાંચ અછેરા થયા તે અનુક્રમે આ પ્રમાણે છેઃ–

૬. મહાવીર–વર્દ્ધમાન નામના ચોવીશમા પ્રભુ બ્રાહ્મણીની કૂખે આવ્યા અને ત્યાંથી તેનું ગર્ભાપહરણ કરી ઇંદ્રના હુકમથી તેને હરિણગમેષી દેવે ત્રિશલાની કુખમાં મૂકયા. તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, પ્રતિ-વાસુદેવ કે બળદેવ કોઈ તુચ્છ દારિદ્ર કુળમાં અવતરતા નથી, ઊતરતા નથી, પણ મહાવીરસ્વામી પોતે જ ભિક્ષુકકૂળમાં ઉત્પન્ન થયા, એ અત્યંત આશ્ચર્યકારક બનાવ બન્યો. મહાવીરસ્વામીના તીર્થમાં આ પ્રથમ અચ્છેરૂ થયું.

૭. તીર્થંકર ભગવાનની દેશના કદાપિ નિષ્ફળ જતી નથી, કોઈ કોઈ લોકો તો જરૂર વ્રત પચ્ચખ્ખાણ જરૂર લે છે. પણ મહાવીરસ્વામી કેવળજ્ઞાન થયા પછી પ્રથમ સમવસરણ થયું, તેમાં માત્ર દેવતાઓ જ હાજર થયા હતા. દેવતાઓ તો નવકારશીનું પચ્ચખ્ખાણ પણ કરી શકતા નથી, તેથી આ દેશના નિષ્ફળ ગઈ. એવું કોઈ વખત બનતું નથી, તેથી આ અપાપાપુરીના પ્રથમ સમવસરણમાં દેશના નિષ્ફળ ગઈ, કોઇ જીવ સમકિત પણ પામ્યો નહિ તેથી તે બીજું અછેરૂં ગણાય છે. આ જે કાળની વાત ચાલે છે તેની પછી એ વાત બનવાની છે એમ સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮. કોઈ પણ તીર્થંકરને કેવળજ્ઞાન થયા પછી ઉપસર્ગ ન થાય, પણ મહાવીરસ્વામી ઉપર ગોસાળાએ કેવળજ્ઞાન થયા પછી તેજોલેશ્યા મૂકી અને ભગવાન છ માસ માંદા રહ્યા. આ તીર્થંકરને અશાતાવેદનીયનો ઉદય એ અસાધારણ બનાવ છે. આ ત્રીજું આશ્ચર્ય પણ મહાવીરસ્વામીને વારે થવાનું છે.

૯. ભુવનપતિના દેવો સામાન્ય રીતે ઉપર આવી રહેલા દેવલોકમાં જતા નથી, છતાં ભુવનપતિના દેવોના ઇંદ્ર ચમરેંદ્રને અદેખાઇ થઇ કે મારે માથે સુધર્મા ઇંદ્ર જેવો દેવેંદ્ર હોય ? આવા અમર્ષને લીધે તે સુધર્મા દેવલોક તરફ ગયો. આ એની મર્યાદા બહારનું કાર્ય થયું. આ ચોથું અચ્છેરું પણ મહાવીરસ્વામીને વારે થવાનું સુધર્મા ઇંદ્રે જાણ્યું. આ વાત પણ મહાવીરસ્વામીને વારે થવાની છે એ ચોથું અચ્છેરું થવાનું છે.

૧૦. દેવો પોતાનાં મૂળ વૈમાનમાં પ્રભુ–તીર્થંકરના દર્શન કરવા આવતા નથી, પણ સૂર્ય અને ચંદ્ર આવશે તેથી તે પાંચમું આશ્ચર્ય પણ મહાવીર સ્વામીને વારે બનશે.

આ પ્રમાણે પાંચે અચ્છેરા મહાવીરસ્વામીના વખતમાં બન્યા અને પાંચ અગાઉના તીર્થંકરોના વારામાં બન્યા એ ભારે આશ્ચર્યભૂત ઘટના અનંત ચોવીશી ગયા પછી બને છે. તેમાં આ ગર્ભ સંક્રમણના બનાવનો પણ સમાવેશ થાય છે, કારણ કે તે પણ એ અચ્છેરાભૂત બનાવ છે. અનંત કાળે કોઇવાર એવો બનાવ બને છે. આ બનાવ ઉપર આપણે હવે વિચાર કરીએ :–

ઐતિહાસિક દૃષ્ટિએ વિચારતાં બ્રાહ્મણની મહત્તા તોડવા જૈન અને બૌદ્ધોની શ્રમણસંસ્કૃતિએ ભારે પ્રયાસ કર્યો. તે યુગના બ્રાહ્મણો પણ પૂર્વકાળના બ્રાહ્મણના વારસો તરીકે રળી જતા હતા. તેઓએ વિદ્યા વેચી નાખી હતી. તેઓ તો એટલી હદ સુધી ઊતરી ગયા હતા કે ત્રિવેદી–તરવાડી જેવા ત્રણ વેદના અસલ જાણકાર જ્ઞાનીના વારસે મત્રતુ ને બદલે મત્રસ્તુ બોલતા હતા, અને લગ્ન પ્રસંગે સમોર્ત જેવું આશિર્વાદાત્મક વચન બોલવામાં પણ અનેક ભૂલો કરતા હતા. આવી રીતે વિદ્યા વેચી નાખેલને કોઈ હક્ક મળી શકે તેમ નહોતું. તેની સામે તો મોટો વાંધો જૈનો અને બૌદ્ધોએ ઉઠાવ્યો અને બ્રાહ્મણના કૂળને તુચ્છ કૂળ, દારિદ્ર કૂળ, ભિક્ષુક કૂળ તરીકે વર્ણવ્યું. આ મોટા વાંધાની અસર જરૂર થઈ, અને હિંદ–ભારતભૂમિ પ્રાણી હિંસામાંથી બચી તેનો લાભ જૈન અને બૌદ્ધોને ફાળે જાય છે એ ઐતિહાસિક ઘટના છે.

અને જૈનોએ અને બૌદ્ધોએ બ્રાહ્મણની મહત્તા ઓછી કરી. ક્ષત્રિયોની મહત્તા વધારી તેના કુળ ને રાજકુળ અને ભોગકુળ કહ્યાં અને બ્રાહ્મણને ભિખારી કહી તેની મોટાઇ તોડી પાડવા પ્રયત્ન કર્યો તો તેથી ભારત વર્ષના ઇતિહાસે એક નવીન પ્રકારનું વહેણ બતાવ્યું તો તેનો યશ જૈનો અને બૌદ્ધને જાય તો તે કાંઇ ખોટું નથી, કારણ કે વીર પછી બારસે, લગભગ સંવત નવમા સૈકા સુધી આ નવીન ઘટના ચાલી છે અને નરમેધ તથા અશ્વમેધ ઘટી ગયા, અજામેધ પણ બંધ થઈ ગયા અને લોટનો કુકડો પછી યજ્ઞમાં આહુતિમાં અપાવવા લાગ્યો–આવો મોટો ફેરફાર જૈનોએ અને બૌદ્ધોએ કરાવ્યો એ જેવી તેવી વાત નથી. આ રીતે ગર્ભાપહરણ થવાની શકયતા સંબંધમાં વર્તમાન ડોકટરોનો અભિપ્રાય પૂછતાં તેઓ તેમ થવાની શકયતાની ના પાડે છે. જેમ ઇંડાને અડવાને પરિણામે ઈંડું અથવા અંદરનો ચૈતન્ય વિભાગ મરી જાય છે તેમ ગર્ભના સંબંધમાં તેઓ સમજે છે.

તેથી આ ગર્ભાપહરણના બનાવને આશ્ચર્યભૂત બનાવ તરીકે શ્વેતાંબર-જૈનોએ ગણ્યો છે તે યોગ્ય જ છે. આ ચોવીશીમાં જે આશ્ચર્યભૂત દશ હકીકતો બની તે પૈકીની તે એક હકીકત છે એમ માનવાનું જ રહ્યું. દગંબર ભાઇઓના મત પ્રમાણે ગર્ભાપહરણની વાત બની જ નથી તેથી તેઓને માટે તો આ સંબંધી કાંઈ સવાલ જ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ તે પૈકી કેટલાક જૈનો ષટ્કલ્યાણકવાદી છે તેઓ આ બનાવને એક કલ્યાણક ગણે છે અને આસો વદ તેરશને પણ એક કલ્યાણકમાં ગણે છે અને સર્વ તીર્થંકરના પાંચ કલ્યાણક ત્યારે મહાવીર-સ્વામીના છ કલ્યાણક માને છે.

તેઓ એમ માનવા લલચાય છે તેનું કારણ એ છે કે જે દિવસે આ ગર્ભાપહરણનો બનાવ બન્યો તે દિવસે કયો વાર અને કયું નક્ષત્ર હતું તેની વિગત મહાવીર ચરિત્રમાં જળવાયલી છે. પણ ગર્ભાપહરણ જેવા તુચ્છ બનાવને કલ્યાણકમાં ગણવો એ યોગ્ય લાગતું નથી. તે દિવસે વિશ્વના પ્રાણી અને ખાસ કરીને નારકીના જીવોને સુખ શાંતિ થઇ હોય તેવો બનાવ પણ કોઇ ચરિત્રકારે નોંધ્યો નથી. માત્ર જીવન-ચરિત્રના લખનાર તેની માહિતી પૂરી પાડી છે અને તે બનાવ કઈ તારિખે બન્યો તેની નોંધ રાખી છે, તેટલા જ કારણે તેને કલ્યાણકમાં ગણતાં અનેકને સંકોચ થાય છે અને આવાં હલકા બનાવને કલ્યા-ણકમાં ગણવાની તેઓ વાજબી રીતે ના પાડે છે. આ બધા વિચારો ખાસ વિચારણા માગે છે અને ગર્ભાપહરણને એક બનાવ તરીકે જ માત્ર ગણવો ઉચિત લાગે છે.

આવા અચ્છેરા અનંત ચોવીશી ગયા પછી કોઈ વાર બની જાય છે. આ ચોવીશી તેટલા માટે હુંડા-વસર્પિણીકાળ કહેવાય છે. એ અતિ તુચ્છકાળ છે, એમાં પ્રાયે સારા જીવનો જન્મ જ ન હોય, પ્રાયે કહેવાનું કારણ એ છે કે એવા અવસર્પિણીકાળમાં પણ ૨૪ તીર્થંકર, બાર ચક્રવર્તી, નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ, નવ બળદેવ જેવા પ્રતિષ્ઠિત પુરુષોનો જન્મ થાય છે. એવી અવસર્પિણીનું મુખ્ય લક્ષણ એ છે કે એમાં શુભના નિમિત્તો અશુભ તરીકે પરિણમે. પ્રાણી એક સંઘ કાઢે તો એમ મનાવવા પ્રયત્ન કરે કે પૂર્વ ભરતરાજાએ સિદ્ધાચળના સંઘ કાઢ્યા પછી આવો સંઘ બીજે નંબરે મેં જ કાઢ્યો છે. આવા ગૌરવની વાતો કરે અને અભિમાન અંગે પુણ્યધન હારી જાય. તેમ જ ઉજમણું કે સંઘજમણ કરે તો પોતાની મહત્તા વધારવા અનેક વાતો કરી મેળ-વેલ પુણ્યધનને ડોળી નાખે. આ ગર્ભાપહરણની આખી વાત ડોકટરોનો મત વિચારતાં શ્રદ્ધાથી માનવા યોગ્ય લાગે છે. ( ક્રમશઃ )

—: પ્રસિદ્ધ થઇ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો સીલીકે છે :—

**ચોસઠ પ્રકારી પૂજા–અર્થ અને કથાઓ સહિત**

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપે આપની નકલ તરત જ મંગાવી લેવી.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં **સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ** લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરળતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરળ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

પોસ્ટેજ ૭૫ પૈસા

લખો :–શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આશાની શૃંખલા



લેખક–સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ

કેદીને તે દોડી ન જાય એટલા માટે તેના હાથ પગમાં સાંકળનું બંધન કરવામાં આવે છે. તેમ હાથીના પગમાં પણ મોટી સાંકળ બાંધવામાં આવે છે. હેતુ એટલો જ હોય છે કે, એ દોડી જઇ કાંઇ અનર્થ કરતો અટકે. પણ આશા નામની શૃંખલા એવી વિચિત્ર હોય છે કે, જેને તે શૃંખલાથી બાંધવામાં આવે છે તે માણસ એક સરખો દોડ્યા જ કરે છે. જરાએ એને સ્થિરતા હોતી નથી. તેથી ઉલટી રીતે જે એ આશાની સાંકળથી છુટો થઈ જાય છે તે તદ્દન શાંત અને સ્થિર થઇ જાય છે. એને દોડવાનું કાંઇ જ કારણ હોતું નથી. તેથી જ એક સુભાષિતકાર કહે છે કે,

**आशा नाम मनुष्याणां काचिदाश्चर्यशृंखला ।**
**यया बद्धा प्रधावन्ति मुक्तास्तिष्ठन्ति पङ्गुवत् ॥**

એટલે આશારૂપી સાંકળથી જે બંધાઈ જાય છે તે દોડતો રહે છે. અને જે સાંકળથી બંધાતો નથી, તે સ્થિર રહે છે. એવી એ આશારૂપી વિચિત્ર સાંકળ છે. વાસ્તવિક જે બંધાય તે સ્થિર રહેવો જોઈએ. પણ અહીંઆ તો જે બંધાય છે તે જ દોડદોડ કર્યા કરે છે અને જે બંધાએલા હોતા નથી તેને વાસ્તવિક દોડવાનો સંભવ છે, પણ આ આશાની સાંકળ એવી વિચિત્ર છે કે, જે બંધાતો નથી તે જ સ્થિર થઈ જાય છે. સાંકળ એવી હોય કે જે દોડતાને સ્થિર કરે અને એ છુટતા બંધાએલો માણસ ગમે તેમ દોડ્યા કરે. પણ આશારૂપી સાંકળનો સ્વભાવ જ ઉલટો છે. જેને એ બાંધે એ તેથી વધુને વધુ બંધાતો જાય છે. અને જગતમાં આમતેમ ભટકયા જ કરે છે. પણ જેઓ તે આશારૂપી સાંકળથી બંધાતા જ નથી તેઓ છુટા છતાં પોતાની જગ્યા ઉપર સ્થિર અને શાંત જ રહે છે.

જગતનો અનુભવ જ્ઞાનીઓએ જાણીને તેઓ સાવધાન રહે છે. અને જ્યાં જ્યાં એ આશાની શૃંખલા જણાય છે ત્યાંથી તેઓ દૂર ભાગતા ફરે છે. તેઓ પૂર્વનો અનુભવ નજર સામે રાખી જેમ ઝેરી સાપથી કોઈ પણ દૂર દોડે તેમ એ આશારૂપી નાંગણથી ડરતા જ રહે છે. મનમાં એવો વિચાર કરે છે કે, રખે આપણને એ ડંખે અને આપણું સર્વસ્વ હરણ ન કરી લ્યે.

આશારૂપી શૃંખલાની રીતિ ઘણી વિચિત્ર છે એમ કવિ વર્ણન કરે છે. જે જે લોકો આશાની પાછળ માંડાતૂર થઈ ફરે છે, તેઓને તેના પાશમાંથી છુટવાનો કોઈ માર્ગ જડી આવતો જ નથી. ઉલટા તેઓ નવા નવા પાશ પોતાની આસપાસ નિર્માણ કરી હતાશ થઈ નિરાશાના વમળમાં અટવાઈ જાય છે. અને છુટકારાને બદલે વધુ સખત રીતે બંધાતા જ જાય છે. એને નાગપાશ બંધ કહેવામાં કોઇ જાતની હરકત નથી. એ આશા પ્રથમ પોતાની ચાતુરીથી માણસને મંત્રમુગ્ધ કરી જાદુગરની પેઠે અનેક વિલોભનોના મોહપાશમાં આકર્ષણ કરતી જાય છે. અને પોતાની પાછળ ખૂબ રખડાવે છે. જેમ મૃગજળ એટલે ઝાંઝવાનું પાણી મૃગલાને એક સરખુ ફસાવે જાય છે, અને આ આવ્યું પાણી એમ ભ્રમ પેદા કરે છે તેમ આશા પણ જગતના માણસોને ભુલાવામાં નાખે જ જાય છે. એક સરયામ રસ્તામાં એક જોગીબાવા લોકોના આવવા જવાના માર્ગમાં લાંબા પગ કરી પોતાની ધુનમાં જ બેઠો હતો. કોઇ માણસે બાવાને કહ્યું મહારાજ ! આમ રસ્તામાં બેઠા છો તો જરા વિવેકથી બેસવું જોઇએ. આમ લાંબા પગ કરી બેસો એ ઠીક ન ગણાય. બાવાએ તેને સામો જવાબ આપ્યો કે ભાઇ, મેં મારા હાથ ટૂંકાવી લીધા છે તેથી મારે પગ લાંબા કરવામાં



For Private And Personal Use Only

હરકત જણાતી નથી. મારે કોઈની સામે હાથ ધરવો જ નથી તેથી મારે કોઈની પણ ગરજ લાગતી નથી. મારે તો કોઈની પાસે પણ કાંઈ માંગવાનું નથી. ત્યારે પગ લાંબા કરૂં એમાં હરકત શું છે? જેને કોઇની પાસે કાંઈ માગવાનું હોય છે ત્યારે તે લોકોની મર્યાદા સાચવે. હું તો નિરિચ્છ થઈ બેઠો છું. તેથી મને કોઈ જાતની આશા નથી. અને આશા સાથે મારૂં દુઃખ પણ નાસી ગયું છે. હું તો મારા આત્માની ધુનમાં મસ્ત રહું છું. તેથી મને તો નિત્ય આનંદ જ છે. બાવાના આ વચનથી પેલો પૂછનારો તો ચૂપ જ થઇ ગયો.

નિરિચ્છા એ સાચું સ્વતંત્રપણું છે. મને કોઇનો ડર નથી. એમ કોણ કહી શકે? જેણે આશાને પોતાની દાસી બનાવી લીધી હોય અને જે નિરિચ્છ થઈ પોતાના આત્મિક આનંદની મસ્તીમાં સુખ ભોગવતો હોય તે. એને કોણ ચલાયમાન કરી શકે તેમ છે?

પણ જેઓ આશા અને ભ્રામક સુખની આંધીમાં ફસાઈ પડેલા હોય છે તેઓ સદાને માટે દુઃખી થઇ, હાયવોય કરી રડતા જ રહે છે. આશાને ભૂત કે ડાકણની ઉપમા આપીએ તો શોભે. કારણ જેને એ વળગે છે તેનો છેડો કોઇપણ રીતે એ મૂકતી જ નથી. એ તો રાતદિવસ તેને પજવ્યા જ કરે છે. નવા નવા મોહજાળમાં એ ફસાય છે અને આ સુખ આવ્યું, આ સુખ આવ્યું, એમ આશાના ઘોડા દોડાવ્યા જ કરે છે. અને અંતે હાથમાં તો ધુમાડાના બાચકા જ આવ્યા કરે છે. માટે જ શાસ્ત્રકારો પોકારી પોકારીને કહે છે કે, આશાના દાસ બનશો નહીં.

આશારૂપી ડાકણથી છુટવું જ હોય તો તે માટે તેવા જ અમોઘ માંત્રિકનો આશરો લેવો પડે. એ માંત્રિક છે જિનેશ્વર ભગવંતનો ધર્મ ! એ ધર્મમાં એક વખત વિશ્વાસ જામી જાય અર્થાત્ સમ્યક્ત્વનો આશરો મળી જાય અને જિનેશ્વર ભગવંત જ મારા તારણહાર છે એવો પાકો વિશ્વાસ આત્મા સાથે એકરૂપ થઇ જાય તો એ આશારૂપી ડાકણનું ત્યાં કાંઈપણ ચાલશે નહીં. કારણ આશા એ મિથ્યાત્વ છે. ફસામણ છે. છેતરપિંડી છે. એવી ખાત્રી થતાં એ જ આશા આપણી દાસી બની જશે. અને આપણું કહ્યું કરશે. અને આપણું હિત સાચવશે. આશાથી મુક્ત થવાની ક્રાંતિ જો આપણા જીવનમાં લાવવી જ હોય તો જૈનધર્મે એ માર્ગ ખુલ્લો કરી રાખેલ છે.

પ્રવૃત્તિનો માર્ગ તો બધાંએ ઇચ્છાએ અને અનિચ્છાએ પણ આક્રમણ તો કરે છે જ. અને મોહરાજાના દૂતો તો ત્યાં હાજર હોય છે જ. અને ત્યાર પછી આશાના એકક નવા ક્ષિતિજો નજર આગળ ઉભા થતા જ રહે છે. ત્યારે આશાની શૃંખલાથી બંધાવાને કેટલી વાર લાગે? અને એવા નવા નવા બંધનો માણસને ભ્રમણામાં આમતેમ દોડાવા માંડે એમાં આશ્ચર્ય માનવાનું કાંઈપણ કારણ નથી. એવા આશાના બંધનો આપણે એકદમ તોડી નાખવાનું સામર્થ્ય ધરાવતા નહીં હોઇએ તો એમાંથી થોડા થોડા બંધનો ઓછા કરવા ધારીએ તો એ વસ્તુ બની શકે એમ છે. અને એવી પરંપરા ચાલુ રહે તો બધા આશાના બંધનો કાળાંતરે પણ આપણે તોડી શકીએ તેમ છીએ.

અમુક વસ્તુ વગર મને તો ચાલતુ નથી, એમ ધારી પોતે જ તેને વળગી રહીએ તો આપણે બંધનથી મુક્ત શી રીતે થવાય? એમાં પ્રબલ પુરૂષાર્થની જરૂર તો રહેવાની જ. પુરૂષાર્થ કર્યા વિના આપણે મ્હોંમાં કોળીઓ પણ મૂકી શકતા નથી. ખાનપાન અને રહેઠાણ માટે અનેક જાતના પ્રયત્નો તો કરવા પડે જ છે. ત્યારે અનાદિકાળથી આત્માના આસપાસ જે મોહના અને આશાના આકરા બંધનો તોડી નાખવા હોય તો તે માટે પુરૂષાર્થ ફેરવવો પડે એમાં કાંઈ પણ આશ્ચર્ય ન હોય. જે વસ્તુનો ત્યાગ કરવો હોય એ છોડતા પ્રથમ દર્શને આકરૂ લાગે એ વસ્તુસ્થિતિ છે. પણ જ્યારે આપણે દ્રઢ નિશ્ચયપૂર્વક એ વસ્તુ ફગાવી દઇએ છીએ ત્યારે આગળનો માર્ગ ઘણો સહેલો થઈ જાય છે. પ્રથમ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો સાહસ, પુરૂષાર્થ અને પરાક્રમની ઘણી જરૂર છે. એ માટે જ જૈન શાસ્ત્રકારોએ વ્રતો, પચ્ચક્ખાણો, નિયમો અને સ્વાધ્યાયોનો આશ્રય લેવાનું ફરમાવેલું છે. એક સુઘડ અને સભ્ય ગણાતા માણસને દારૂ પીવાની ટેવ પડી ગએલી હતી. એ ભાઈ અમારા સહવાસમાં આવ્યો. જ્યારે એની એ ટેવની અમોને ખબર પડી ગઈ છે એવું એના જાણવામાં આવ્યું ત્યારે અમારી સામે પણ આવવા શરમાવા લાગ્યો. પછી તો ખુલ્લી વાતો થવા માંડી. અમોએ ઘણો ઉપદેશ કર્યો પણ એણે અમોને જણાવી દીધું કે, હું જ્યારે એ વ્યસન મૂકી દઈશ ત્યારે હું મરી જ જવાનો. જીવવું મારે માટે અશક્ય છે. એક વખત પ્રસંગ એવો બન્યો કે, દારૂની દુકાન ઉપર એ જઈ ચડ્યો ત્યારે દુકાનને એક મોટું તાળુ લગાવેલું એના નજરે પડ્યું. એને તો જાણે આભ ફાટ્યું હોય એમ થયું. એક પત્થર ઉપર એ બેસી ગયો. એ મોહિનીની તંદ્રામાંથી જાગૃત થયા પછી એણે ઘરનો રસ્તો લીધો. અને ચા પી એ ઉંઘી ગયો. સવારમાં વહેલો આવી અમોને હરખભેર કહેવા માંડ્યો: 'હું જીવતો છું.' પહેલા તો એના બોલવાનો અર્થ અમારા સમજવામાં આવ્યો નહીં. પણ પાછળથી એણે બધો ખુલાસો કહી સંભળાવ્યો. 'હું દારૂ વગર મરી જઈશ' એવી ભ્રમણા જે એના માથામાં ઘર કરી બેઠેલી હતી તે નીકળી જવાથી એને આનંદ થયો હતો. એ તકનો અમોએ લાભ લઈ એનું એ દુર્વ્યસન ધીમે ધીમે છોડાવ્યું. કહેવાનો હેતુ એ છે કે, પુરૂષાર્થ આગળ બધાઓને નમવું જ પડે છે ત્યારે અમુક વસ્તુ વગર મને ચાલે તેમ છે જ નહીં એવી પુરૂષાર્થહીન વૃત્તિ આપણે મૂકી દેવી જોઈએ. અને એમ કરતા આપણને આશ્ચર્ય થશે કે, જે વસ્તુ અશક્ય જેવી લાગતી હતી તે પણ શ્રમ પછી સુશક્ય થઈ ગઈ.

એ ધ્યાનમાં રાખવું જોઈએ કે, મનની નબળાઈ એ એક જાતનો રોગ છે. એની યોગ્ય માર્ગે દવા કરવાથી એ રોગ જઈ શકે છે. માટે અમો કહીએ છીએ કે, અશક્ય એ શબ્દ નમાલા અને નબળા માનવો માટે છે. પુરૂષાર્થ ફોરવનાર માટે નથી. આશાના બંધનો તોડી નાંખવા એ અશક્ય વસ્તુ તો છે જ નહીં. આત્માની શક્તિ અનંતી છે. ફક્ત એને ઢંઢોળી જાગૃત કરવી જોઈએ. અને પછી જુઓ કે કેવો પુરૂષાર્થનો ચમત્કાર ઉત્પન્ન થાય છે! આપણે પણ ઘણું નહીં તો થોડું પણ કરીને છુટવું જોઈએ. આશા ગમે તેટલી પ્રબળ હોય છતાં આત્માની પ્રબળ શક્તિ આગળ એ તદ્દન નિર્માલ્ય છે. એ ઓળખી આશાના પાશો તોડવા માટે બધાઓ પોતામાં સુપ્ત રહેલો પુરૂષાર્થ ફોરવે એવી અભિલાષા સાથે વિરમિએ છીએ.

## સ્વર્ગવાસ

### ૧. શેઠશ્રી મેઘજીભાઇ સોજપાળ

સ્વર્ગસ્થ આપણી સભાના લાઇફમેમ્બર ઘણા વરસથી હતા.. તા. ૧૪ નવેમ્બરના રોજ ૭૯ વર્ષની વયે તેમનું અવસાન થયું છે. તેમના સ્વર્ગવાસથી એક લાયક સભાસદની ખોટ પડી છે. અમો સ્વર્ગસ્થના આત્માને શાંતિ અર્પે તેવી પરમકૃપાળુ પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ.

### ૨. શેઠ અમૃતલાલ જેશીંગભાઇ

જેઓ તા. ૧૨-૧૧-૬૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. સ્વર્ગસ્થ સેવાભાવી કાર્યકર હતા અને આપણી સભાના ઘણા વર્ષોથી સભાસદ હતા. તેમના સ્વર્ગવાસથી એક લાયક સભાસદની ખોટ પડી છે. અમો સ્વર્ગસ્થના આત્માને શાંતિ અર્પે તેવી પરમકૃપાળુ પરમાત્મા પ્રત્યે અમારી પ્રાર્થના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કષાયો સંબંધી સાહિત્ય : સજ્ઝાયો

પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ

જૈન દર્શનના જે કેટલાક મુખ્ય સિદ્ધાન્તો છે તેમાંનો એક તે 'કર્મસિદ્ધાન્ત' છે. એમાં કષાયોનું નિરૂપણ અગ્રભાગ ભજવે છે. આ કષાયોએ સંસારી જીવોની ખાનાખરાબી–પાયમાલી કરનારા કટ્ટા શત્રુઓ છે.[1] એને જેમ રાગ અને દ્વેષ એમ બે વર્ગમાં વિભક્ત કરાય છે તેમ એના ક્રોધ, માન, માયા અને લોભ એમ ચાર પ્રકારો પણ ગણાવાય છે.

પાંત્રીસેક વર્ષ ઉપર મેં **કર્મમીમાંસા** નામનું પુસ્તક રચવા વિચાર કર્યો હતો અને ત્રણેક વર્ષ ઉપર એ કાર્ય હાથ ધર્યું હતું. એનાં ઉપોદ્ઘાતના એક અંશરૂપે 'કર્મસિદ્ધાન્ત સંબંધી સાહિત્ય.'નો વિષય લગભગ તૈયાર થતાં એને યોગ્ય સ્વરૂપ આપી મેં **"કર્મસિદ્ધાન્ત સંબંધી સાહિત્ય"** નામનું પુસ્તક તૈયાર કર્યું છે અને એ અત્યારે છપાય છે. આ કર્મમીમાંસાનું કાર્ય કરતાં કરતાં કષાયો વિષે મેં પ્રસંગોપાત્ત લખ્યું છે પરંતુ એથી આ વિષયને પૂરો ન્યાય આપી શકાય તેમ ન લાગવાથી મેં **કષાય-મીમાંસા** નામનું સ્વતંત્ર પુસ્તકનું કાર્ય પણ સાથે સાથે શરૂ કર્યું છે, અને મારી રીત પ્રમાણે એના ઉપોદ્ઘાતના અંશો આલેખવા માંડ્યા છે. એમાંનો એક અંશ તે "કષાયો સંબંધી સાહિત્ય" છે. આ અંશને પરિપૂર્ણ બનાવવાના કોઇ વિશિષ્ટ–મહત્ત્વ-પૂર્ણ કૃતિનો પરિચય આપવો રહી જતો હોય તો તજ્જ્ઞો દ્વારા એ જાણવા મળે એ ઇરાદે આ લેખ દ્વારા પ્રસ્તુત વિષયના હું શ્રીગણેશ માંડું છું, અને હવે પછી **કષાયમીમાંસા** માટે મેં નિર્ધારેલી યોજના રજૂ કરીશ.

શિવરત્નના શિષ્ય ઉદયરત્ને ગુજરાતીમાં નાની મોટી જાતજાતની કૃતિઓ રચી છે.[2] દા. ત. એમણે વિ. સં. ૧૭૪૯માં **જંબૂસ્વામીનો રાસ** રચ્યો છે. એમણે **સ્થૂલભદ્રનો રાસ–નવ રસો** રચી એમાં શૃંગારરસ ખૂબ જ પીરસ્યો છે. સામે પક્ષે એમણે **બ્રહ્મચર્યની નવ વાડની** પણ રચના કરી છે. એમણે વિ. સં. ૧૭૮૯માં **સૂર્યયશાનો રાસ** રચ્યો છે. એમણે જે કેટલાક વિષયોને અંગે સજ્ઝાયો રચી છે તેમાં ચારે કષાયની પણ સજ્ઝાયો છે એકેમાં રચના સમયનો નિર્દેશ નથી પણ એ વિક્રમની અઢારમી સદીની કૃતિઓ છે, એનો હું હવે સંક્ષિપ્ત પરિચય આપું છું:

(૧) **ક્રોધની સજ્ઝાય**–આનો પ્રારંભ "કડવાં ફળ છે ક્રોધનાં"થી કરાયો છે. એમાં છ કડી છે. એમાં ચંડકૌશિકનું–મુનિનું અવસાન થતાં એ નાગ બન્યાનું ઉદાહરણ અપાયું છે.

(૨) **માનની સજ્ઝાય**—આ પાંચ કડીની સજ્ઝાય છે. એમાં જેમ ઉપર્યુક્ત સજ્ઝાયમાં ક્રોધથી થતી અવગતિ વર્ણવાઇ છે તેમ અહીં માનથી–અભિમાનથી થતી દુર્દશા આલેખાઈ છે. અહીં રાવણ અને દુર્યોધનના આ સંબંધમાં દૃષ્ટાન્તો અપાયાં છે. આ સજ્ઝાયની શરૂઆત "રે જીવ! માન ન કીજીએ"થી કરાઈ છે.

(૩) **ગર્વની સજ્ઝાય**–'ગર્વ ન કરશો ગાત્રનો'થી શરૂ કરાયેલી આ સજ્ઝાય ઘણી મોટી છે. એમાં ત્રેવીસ કડી છે. આમાં કૃષ્ણનો કેટલોક વૃત્તાન્ત અપાયો છે. અંતિમ કડીમાં "તેવીસમી ઢાલ" એવો ઉલ્લેખ છે તેથી શું સમજવું એ જાણવું બાકી રહે છે.

(૪) **માયાની સજ્ઝાય**—આ છ કડીની સજ્ઝાયનો પ્રારંભ "સમકિતનું બીજ જાણીએ જી"થી

---

૧ આથી તો કહ્યું છે કે,

"कषायमुक्तिः किल मुक्तिरेव"

૨ જુઓ **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૨, પૃ. ૩૮૬–૪૧૪ તેમ જ ભા. ૨, ખંડ ૨, પૃ. ૧૩૪૯–૧૩૬૫). ઉદયરત્નની કૃતિઓની નોંધ મેં D C G C M Vol. XIX, Sec. 2, pt. 1, ph. 48–49)માં કરી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરાયો છે. માયા સેવવાથી મલ્લિનાથ સ્ત્રીવેદ પામ્યા એમ અહીં કહ્યું છે.

**લોભની સજઝાય**–'તમે લક્ષણ જોજો લોભનાં રે' થી આ સાત કડીની સજઝાયની શરૂઆત કરાઇ છે. અહીં લોભના સેવનથી થતી દુર્દશા વર્ણવાઇ છે. એને અંગે સુભૂમ ચક્રવર્તીનું ઉદાહરણ રજૂ કરાયું છે. ધનના લોભથી માણુસ મરીને એ ઉપર મણિધર–નાગરૂપે અવતરે છે એમ અહીં કહ્યું છે.

આ ઉપરથી જોઈ શકાશે કે ઉદયરત્ને ચારે કષાયોને અંગે સજઝાય રચી છે અને તેમાં માનને અંગે બે રચી છે. આમ એમણે કષાયોને અંગે એકંદર પાંચ સજઝાયો રચી છે.

ઉપાધ્યાય **સમયસુન્દરે** સંસ્કૃત અને [1]ગુજરાતીમાં ઘણી કૃતિઓ રચી છે. એમાં "राजानो ददते सौख्यम्"ના આઠ લાખથી દસ લાખ અર્થો **અર્થ-રત્નાવલી** વિ. સં. ૧૬૪૯માં રચી દર્શાવ્યા છે. સમગ્ર સંસ્કૃત સાહિત્ય તો શું પણ હું ભૂલતો ન હોઉં તો વિશ્વ સાહિત્યમાં પણ અદ્વિતીય ગણાય એવું આ કાર્ય એમણે કર્યું છે. એમણે ચારે કષાયો ઉપર સજઝાય રચી હોય એમ જણાતું નથી. અત્યારે તો મારી સામે એમણે રચેલી માયાની એક સજઝાય છે. એ આપણે વિચારીશું:

**(૬) માયાની સજઝાય**—આ દસ કડીની સજઝાયની શરૂઆત નિમ્નલિખિત પંક્તિથી કરાઇ છે: "માયા કારમી રે માયા મ કરો ચતુર સુજાણ!"

ચોથી કડીમાં કહ્યું છે કે "લોભે લક્ષણ જાય." વળી અહીં એ પણ ઉલ્લેખ છે કે ચોર બીકથી ધરતીમાં જે દ્રવ્ય દાટે તે ઉપર એ વિષધર–સર્પ થાય.

આ સજઝાયમાં નિમ્નલિખિત નામવાળી વ્યક્તિ-ઓનાં ઉદાહરણો અપાયાં છે:—

શિવભૂતિ, લબ્ધિદત્ત અને સંભૂય.

**(૭) લોભની સજઝાય**—આ વીરસાગરના શિષ્ય પંડિત **ભાવસાગરની** સાત કડી પૂરતી રચના છે. એ "લોભ ન કરીએ પ્રાણિયા રે"! થી શરૂ કરાઈ છે. લોભના અનિષ્ટ ફળો વર્ણવતાં આ સજઝાયમાં નિમ્નલિખિત વ્યક્તિઓનો ઉલ્લેખ કરાયો છે:—

**સાગર** શેઠ, **રામ** (દશરથના પુત્ર) અને સીતા.

અહીં કહ્યું છે કે લોભનું જોર દસમા ગુણ-સ્થાન સુધી છે.

**(૮) આઠ મદની સજઝાય**—મદના આઠ પ્રકાર ગણાવાય છે. આ આઠે જાતના મદના નિરૂ-પણરૂપે એક જ સજઝાય **માનવિજયે** રચી છે. એનું નામ નીચે મુજબ છે.

"આઠ મદની સજઝાય"

આ અગિયાર કડીની કૃતિ છે. એમાં અનુક્રમે નિમ્નલિખિત આઠ મદનો અને એ કરનારનો નિર્દેશ છે:–

| | | |
|---|---|---|
| (૧) જાતિ | – | હરિકેશી |
| (૨) કુળ | – | મરીચિ |
| (૩) બળ | – | શ્રેણિક અને વસુભૂતિ |
| (૪) રૂપ | – | સનત્કુમાર |
| (૫) તપ | – | ક(કુ)રગડુ |
| (૬) ઋદ્ધિ | – | દશાર્ણભદ્ર |
| (૭) વિદ્યા | – | સ્થૂલિ(લ)ભદ્ર |
| (૮) લોભ | – | સુભૂય |

આ સજઝાય તેમ જ આ પૂર્વે નિર્દેશાયેલી સાતે સજઝાયો કમળાબેન અમીચંદે ઈ. સ. ૧૯૩૫ માં પ્રસિદ્ધ કરેલા "સજઝાયમાળા" નામના પુસ્તકમાં છપાવાઈ છે.

[1] એમણે જાલોરમાં ચંપક શેઠની ચોપાઇ રચી છે. એની એક હાથપોથીનો પરિચય મેં DCGCM( Vol. XIX, Sec. 2, pt. 1 )માં આપ્યો છે. આ ચોપાઇ કોઈએ છપાવી છે ખરી? જો એમ હોય તો કોણે ક્યારે કયા નામથી તેમ કર્યું છે?

For Private And Personal Use Only

(૯) આઠ મદ નિવારણ સજ્ઝાય–ભાં. પ્રા. સં. મંદિરમાંની એક હાથપોથીમાં ક્રમાંક ૭૯૦ઈ/૧૮૯૨–૯૫ તરીકે સજ્ઝાય અપાઈ છે. એમાં ૧૧ કડી છે. એનો પ્રારંભ 'ઢાલ'ના ઉલ્લેખપૂર્વક નીચે મુજબ કરેલ છે:–

"જો જો કખમંવીરં ચમણાપદે
મદ આવગ્હાસુ નીવારિયે"

અંતિમ પંક્તિમાં કર્તાએ પોતાનું નામ "સાહલાદ્ધો" એમ દર્શાવ્યું છે. આ રહી એ પંક્તિ:–

"કહે **સાહ લાદ્ધો** તે પામીયાડવિચલ
પદવી નરનારી રે."

શું આ લાધા શાહની કૃતિ છે અને એ કોઈ સ્થળેથી છપાઈ છે ખરી?

(૧૦) [1]**માનની સજ્ઝાય**—ઋષભ(દાસ)કૃત આ સજ્ઝાયમાં સોળ કડી છે. એની પહેલી કડીનો પ્રારંભ "માન ન કરશો રે માનવી!"થી કરાયો છે. એમાં સંસારી જીવોની અનિત્યતા વર્ણવાઈ છે અને અભિમાનથી થતી હાનિ દર્શાવાઈ છે. એક કરોડ મણની શિલા ઝાલી એથી 'ગિરધર' નામે ઓળખાતા શ્રીકમો(કૃષ્ણ) તરસે તરફડ્યા અને જરાસંધ સરખો રાજવી પણ અંતે મરી ગયો એ બે બીના અહીં રજૂ કરાઈ છે.

(૧૧) **લોભની સજ્ઝાય**–"આશા દાસી વશ પડ્યા"થી શરૂ થતી આ સજ્ઝાય પદ્મવિજયના શિષ્ય રૂપવિજયે સાત કડીમાં રચી છે. આમાં લોભથી થતી પાયમાલીનો ખ્યાલ અપાયો છે. કોણિક અને નરકે જનાર કાલના દ્રષ્ટાંતો અપાયા છે અને સાથે સાથે **નિરયાવલી**નો ઉલ્લેખ કરાયો છે.

(૧૨) **લોભની સજ્ઝાય** — ઉત્તમવિજયના શિષ્ય પદ્મવિજયે આ સજ્ઝાય નવ કડીમાં રચી છે. એની શરૂઆત "તુમે લોભનાં લક્ષણ સાંભળો રે"થી કરાઈ છે. આમાં લોભ કરવાથી બે ભાઈઓની જે બૂરી સ્થિતિ–એ બંને વણમોતે મર્યા તે હકીકત વર્ણવાઈ છે. અહીં ત્રીજી કડીમાં સુવર્ણ પુરુષનો ઉલ્લેખ છે. ઉપર્યુક્ત બે ભાઈઓએ આ પોતાને એકલાને મળે એ માટે એકે આહારમાં ઝેર ભેળવ્યું તો બીજાએ એ આહાર લાવનારને કૂવામાં ફેંકી દીધો. એમ અહીં કહ્યું છે.

આમ કુલ્લે બાર સજ્ઝાયો રચાઈ છે. એમાં કયા કયા કષાય અંગે કેટકેટલી સજ્ઝાઈ રચાઈ છે અને એ રચનાર કોણ છે તે હું નીચે મુજબ દર્શાવું છું:—

| નામ | | કર્તા |
|---|---|---|
| ક્રોધની એક સજ્ઝાય | | ઉદયરત્ન |
| માનની પાંચ | ,, | [1]ઉદયરત્ન, માનવિજય, સાર લાદ્ધો અને ઋષભદાસ |
| માયાની બે | ,, | ઉદયરત્ન અને સમયસુંદર |
| લોભની ચાર | ,, | ઉદયરત્ન, ભાવસાગર, રૂપવિજય અને પદ્મવિજય |

## આનુષંગિક રચનાઓ

અઢાર પાપસ્થાનકોમાં છઠ્ઠાથી નવમા સુધીનાં પાપસ્થાનકોનાં નામ ક્રોધ, માન, માયા અને લોભ છે. આમ હોઈ અઢાર પાપસ્થાનોને લગતી સજ્ઝાયમાં આ ચાર કષાયની એકેક સજ્ઝાય હોય એ સ્વાભાવિક છે. ન્યાયવિશારદ ન્યાયાચાર્ય ઉપાધ્યાય યશોવિજયગણિએ [2]**અઢાર પાપસ્થાનકની સજ્ઝાય** વિ. સં. ૧૭૧૮ પૂર્વે રચી છે. એમાં ચાર કષાયોની સજ્ઝાયો હોઈ એની હું સંક્ષિપ્ત રૂપરેખા આલેખું છું:–

(૧) **ક્રોધની સજ્ઝાય**—આ આઠ કડીની સજ્ઝાયનો પ્રારંભ "ક્રોધ તે બોધ નિરોધ છે"થી

---

૧ આ તેમ જ આ પછીની બે સજ્ઝાય "શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વર જૈન ગ્રંથમાલા"માં "પ્રાચીન સજ્ઝાય તથા પદસંગ્રહ"ના નામથી વિ. સં. ૧૯૯૬માં પ્રસિદ્ધ કરાયેલા પુસ્તકમાં છપાવાઈ છે.

૧ એમણે માનની બે સજ્ઝાય રચી છે.

૨ આનો પરિચય મેં **યશોદોહન** (ખંડ ૨, ઉપખંડ ૩, પ્રકરણ ૩)માં આપ્યો છે.

આ **યશોદોહન** અત્યારે છપાય છે ખરું પરંતુ મારા લખાણમાં જ્યાં જ્યાં ગ્રંથોનાં નામ વગેરેમાં શબ્દો સંલગ્ન છે તે વિચ્છિન્નરૂપે અને જે પૃથક્ પૃથક્ છે તે સંલગ્ન રૂપે છપાવાય છે એમ જાણવા મળ્યું છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરાયો છે. અહીં કુરગડુનું દૃષ્ટાંત અપાયું છે. ત્રીજી કડીમાં કહ્યું છે કે જેણે એક પૂર્વ કોટિ સુધી સંયમ પાળ્યો હોય તે જો ક્રોધને વશ થાય તો તેનો સંયમ બે ઘડીમાં વિફળ બને.

(૨) **માનની સજ્ઝાય**-આમાં છ કડી છે. પહેલીનો પ્રારંભ "પાપસ્થાનક કહે સાતમું"થી કરાયો છે. અહીં પ્રજ્ઞા-મદ, તપ-મદ, ગોત્ર-મદ અને આજીવિકા-મદનો ઉલ્લેખ છે. વિશેષમાં અહીં 'મદ'ને ગિરિરાજ કહી એના આઠ પ્રકારોનાં એના આઠ શિખર તરીકે નિર્દેશ છે. આ સજ્ઝાયમાં રાવણ, ઐરાવણ ઉપર આવનાર હરિ(ઇન્દ્ર), સ્થૂલિ(લ)ભદ્ર અને બાહુબલિનો ઉલ્લેખ છે.

(૩) **માયાની સજ્ઝાય**—"પાપસ્થાનક અટ્ઠમ કહ્યું સુણો સંતાજી!"થી શરૂ થતી આ સજ્ઝાયમાં આઠ કડી છે, અહીં કુસુમપુરમાંના એક શેઠને ત્યાં નીચે અને ઉપર રહેલા બે જણનો ઉલ્લેખ છે, પણ એ બેમાંથી એકેનું નામ દર્શાવાયું નથી. એકનો 'સંવિગ્ન' તરીકે નિર્દેશ છે.

(૪) **લોભની સજ્ઝાય**—આ આઠ કડીની સજ્ઝાયની શરૂઆત નીચે મુજબ કરાઈ છે:–

"જી રે મારે લોભ તે દોષ અથોભ"

અહીં **ઉત્તરાધ્યયન**માંથી એ વાત રજૂ કરાઈ છે કે ઇચ્છા આકાશ સમાન છે. 'સ્વયંભૂરમણ' સમુદ્ર કદાચ તરી શકાય પરંતુ લોભસમુદ્ર નહિ એમ અહીં કહ્યું છે.

(૫) **રાગની સજ્ઝાય**—"પાપસ્થાનક દશમું કહ્યું"થી પ્રારંભાયેલી આ સજ્ઝાયમાં નવ કડી છે. એમાં હરિ, હર, બંભા(બ્રહ્મ), અ(આ)ષાઢભૂતિ અને નન્દિષેણનો ઉલ્લેખ છે. રાગને રાજા, વિષયાભિલાષને મંત્રી એમ અહીં રૂપક આલેખાયું છે. સાતમી કડીનો પૂર્વાર્ધ નીચે મુજબ છે:–

"બાવીસ જિન પણ રહી ઘરવાસે રે,
વર્ત્યા પૂરવ રાગ અભ્યાસે રે."

(૬) **દ્વેષની સજ્ઝાય**—આ નવ કડીની સજ્ઝાયનો પ્રારંભ "દ્વેષ ન ધરીએ લાલન"થી કરાયો છે. અહીં ચરણકરણના ગુણને 'ચિત્રશાળી' કહી અને દ્વેષને ધૂઈ (? ધૂમાડો) કહી એ વડે ચિત્રશાળી કાળી બને છે એવો નિર્દેશ કરાયો છે

**તેર કાઠિયાઓની સજ્ઝાય-વીર**વિમલે નિમ્નલિખિત તેર [1]કાઠિયાઓ પૈકી પ્રત્યેકને અંગે એકેક સજ્ઝાય રચી છે:—

(૧) આળસ, (૨) મોહ, (૩) અવજ્ઞા, (૪) માન, (૫) ક્રોધ, (૬) પ્રમાદ, (૭) કૃપણતા, (૮) ભય, (૯) શોક, (૧૦) અજ્ઞાન, (૧૧) વ્યાક્ષેપ, (૧૨) કુતૂહલ અને (૧૩) રમણ.

પ્રસ્તુતમાં આપણે માન અને ક્રોધની સજ્ઝાય પ્રથમ વિચારીશું:

(૭) **માનની સજ્ઝાય**-આમાં દસ કડી છે. "માન ન કીજે માનવી રે"થી આની શરૂઆત કરાઇ છે. અહીં અભિમાનીની મનોદશા-રીતભાત આલેખાઇ છે અને બાહુબલિનું દૃષ્ટાંત અપાયું છે.

(૮) **ક્રોધની સજ્ઝાય**-આ દસ કડીની કૃતિમાં કર્તાએ પોતાનું આખું નામ 'વીરવિમલ' આપ્યું છે. એની શરૂઆત "પંચમો કાઠિયો પરિહરો પ્રાણી!" થી કરાઇ છે. અહીં ક્રોધથી થતાં નુકસાનો જણાવાયાં છે. અહીં ક્રોધથી મુખ કાળું થાય, ભૃકુટિ ભયંકર અને રાતી થાય અને ક્રોધી 'કિન્નાસ'કુમાર સરખો દીસે એમ કહ્યું છે. એક પૂર્વ કોટિ સુધી પાળેલા સંયમને ક્રોધ બે ઘડીમાં બાળી મૂકે એ બીના અહીં રજૂ કરાઇ છે.

(૯) **તેર કાઠિયાની અજ્ઞાતકર્તૃક સજ્ઝાય**-"આળસ પહેલો જી કાઠિયો"થી શરૂ થતી આ સજ્ઝાયમાં સાત કડી છે. એમાં તેર કાઠિયા તરીકે નિમ્નલિખિત નામો દર્શાવાયાં છે:—

(૧) આળસ, (૨) મોહ, (૩) અવર્ણવાદ, (૪) દંભ, (૫) ક્રોધ, (૬) પ્રમાદ, (૭) કૃપણ, (૮) ભય,

[1] 'કાઠિયો' શબ્દ કેટલો પ્રાચીન છે અને એની નિષ્પત્તિ શી છે તે જાણવું બાકી રહે છે. ઉત્તરજ્ઝયણની નિજ્જુત્તિની ૧૬૦મી (૧૬૧)મી ગાથામાં આળસ વગેરે તેરનો ઉલ્લેખ છે, પરંતુ એને માટે કાઠિયા જેવી કોઈ સંજ્ઞા અપાઈ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# उपाध्याय विमलहर्षभास

ले. : श्री अगरचंद नाहटा

जैन इतिहास के अनेक साधन यत्र–तत्र बिखरे पडे हैं। कुछ वर्ष पूर्व उन इतिहासिक साधनों को संग्रहीत करके प्रकाशित करने का अच्छा प्रयत्न हुआ था पर इधर कई वर्षों से उस प्रयत्न में बहुत बड़ी कमियां आ गई हैं इसके २ प्रधान कारण हैं एक तो जो ऐतिहासिक रास संग्रह ग्रन्थ प्रकाशित हुये वे ठीक से बिके नहीं इसलिये ऐसे ग्रन्थों का प्रकाशन रुक गया दूसरा बिखरे हुये साधनों को इकट्ठा करना और उन्हें सुसम्पादित करके टिप्पणियों व विवेचन के साथ प्रकाशित करना बहुत श्रम–साध्य कार्य है। नाम के लिये तो मुनि दर्शनविजयजी आदि के 'जैन परंपरानो इतिहास' जैसे ग्रन्थ इन वर्षों में प्रकाशित हुये हैं पर इन में बहुत भूल–भ्रान्तियां हैं और सुव्यवस्थित रूप में ठीक–से लिखे भी नहीं गये।

जैन ऐतिहासिक साधनों में विविध गच्छों की पट्टावलियां, ऐतिहासिक काव्य, रास, गीत, तीर्थमालायें, प्रशस्तियां आदि उल्लेखनीय है। पट्टावलियों द्वारा बहुत से जैनाचार्यो के संबंध में तो आवश्यक जानकारी मिल जाती है पर उन आचार्यों के शिष्य तथा उनके आज्ञानुयायी हजारों साधु, श्रावक, श्राविकाएँ हो गयी हैं। उनके संबंध में आवश्यक जानकारी भी नहीं मिल पाती। बहुत से विद्वान् और प्रभावशाली मुनि कहां, किस कुल में, कब जन्मे, कब किसके पास दीक्षित हुए, उन्होंने क्या क्या काम किये; गणि, वाचक, पाठक, आदि पद कब कहां व किससे मिले? और उनका स्वर्गवास कब एवं कहां पर हुआ? इत्यादि जरूरी बातें प्रयत्न करने पर भी प्राप्त नहीं होती। किसी किसी मुनि या साध्वी के संबंध में छोटे–मोटे गीत उनके शिष्यादि रचित मिल जाते हैं उनसे महत्त्व की बातें ज्ञात हो जाती हैं। इस लिये ऐसे ऐतिहासिक गीतों का संग्रह किया जाना अत्यावश्यक है।

यहां ऐसे ही एक गीत जिसका नाम उपाध्याय विमल हर्ष भास है, यहां प्रकाशित किया जा रहा है। १० पद्यों के इस गीत की रचना विमल हर्ष के शिष्य प्रेमविजयने

---

( કષાયો સંબંધી સાહિત્ય : પેજ ૨૪ થી શરૂ )

(૯) શોક, (૧૦) અજ્ઞાન, (૧૧) વિકથા, (૧૨) કુતૂહળ અને (૧૩) વિષય.

આ પૈકી દંભ અને ક્રોધ અત્ર પ્રસ્તુત છે. એને અંગે નીચે મુજબ લખાણ છે:—

"ચોથો તે દંભ જ કાઠિયો,
ન લહે વિનયસ્વાદ રે.—૨"
"ક્રોધ તે કાઠિયો પાંચમો,
રીસે રહે અમળાય રે."

(૧૦) **તેર કાઠિયાની સજ્ઝાય**—આ વાચક કુશળસાગરના શિષ્ય ઉત્તમ(સાગર)ની સોળ કડીની રચના છે. એમાં **વીરવિમલ**ની જેમ જ અગિયાર કાઠિયાનાં નામ છે, ફેર બાર પૈકી અગિયારમા પૂરતો જ છે, કેમ કે અહીં 'અભ્યાક્ષેપક'નો ઉલ્લેખ છે. ક્રોધીને અંગે એ વાત દર્શાવાઈ છે કે મને ગુરુ ધર્મલાભ કહેતા નથી, જ્યારે **વીરવિમલે** આ વાતનો નિર્દેશ અભિમાનીને અંગે કર્યો છે. અભિમાની બીજા બધાને તુચ્છ ગણે છે એમ અહીં કહ્યું છે.

અઢાર પાપસ્થાનકોની તેમ જ તેર કાઠિયાઓની આ ઉપરાંતની સજ્ઝાયો હોય તો તે જણાવવા તજજ્ઞો કૃપા કરે. અહીં અપાયેલી દસે આનુષંગિક રચનાઓ કમળાબહેને છપાવેલી "શ્રી સજ્ઝાયમાળા" માં છે. આ રચનાઓમાં આઠ સજ્ઝાયો પ્રસ્તુત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

की है। राजस्थान प्राच्य विद्या प्रतिष्टान जोधपुर की प्रति नं. १७४८८ पत्र १ की नकल आगे प्रस्तुत की जा रही है।

उपाध्याय विमल हर्ष सुप्रसिद्ध आचार्य हीरविजयसूरि के समय के प्रसिद्ध विद्वानों में से है। संवत् १६३८ में जब सम्राट अकबर से मिलने के लिये हीरविजयसूरि गन्धार से फतेहपुर सीकरी के लिये रवाना हुये थे तो विमल हर्ष उपाध्याय को ३५ साधुओं के साथ पहले रवाना कर दिया था। जब सूरिजी सांगाणेर पधारे तब विमल हर्ष फतेहपुर पहुंच गये। और सम्राट से मिलकर सूरिजी आ रहे हैं, इस की सूचना दी। सूरिजी के फतेहपुर पधारने पर वे सामने गये थे। और सम्राट से मिलने के समय भी साथ थे। एक बार सूरिजी खंभात थे तब अहमदाबाद में विमल हर्ष के साथ भदुवा श्रावक का विवाद हो गया था इन सब बातों का उल्लेख मुनि विद्याविजयजी के सूरीश्वर और सम्राट नामक ग्रन्थ में पाया जाता है। ऐसे महत्त्वपूर्ण मुनि के संबंध में उनके जन्मस्थान, जाति, माता–पिता आदि का विवरण प्राप्त न होना अखरता था। प्रस्तुत भास के द्वारा उस कमी की कुछ पूर्ति होती है।

विमल हर्ष भाष के अनुसार उनका जन्म मालवदेश के देवासनगर में हुआ था। पिता का नाम दीपचन्द और माता का सौभागदे था। इनका स्वयं के जन्म नाम दासू था। युवावस्था प्राप्त होने परभी उन्होंने विवाह नहीं किया और विजयदानसूरि के पास दीक्षा लेली। व्याकरण, आगम आदि ग्रन्थों के अध्ययन के बाद हीरविजयसूरिने इन्हें वाचक पद से विभूषित किया। अनेक स्थानों में विहार करते हुये आपने धर्म प्रचार किया। और उपाध्याय पद से विभूषित किये गये। प्रेमविजय आदि इनके शिष्य थे जिनकी रचित कई छोटी–मोटी रचनायें प्राप्त हैं। धर्मसागर की गुर्वावली के संशोधकों में भी आपका नाम है। इनके शिष्य जयविजयने संवत १६७७ में कल्पसूत्र की कल्पदीपिका, नामक टीका बनाइ। सुबोधिका और लोकप्रकाश का इन्होंने संशोधन किया और आपके शिष्य उपाध्याय मुनि विमल के शिष्य भावविजयने सं. १६८९ रोहिणीपुर में उत्तराध्ययन वृत्ति बनाई। भावविजयने संवत १६७९ में षट्त्रिंशत् जल्प विचार और सं. १७०८ में चम्पकमाला कथा की रचना की। विमल हर्ष के दानचन्दने सं. १७०८ में मौन-एकादशी कथा की रचना की। प्रेमविजय की कई रचनाओं का उल्लेख जैन गूर्जर कविओ भाग १–३ में मिलता है। उनमें से वस्तुपाल तेजपाल रास की प्रसरित में विमल हर्ष का श्रीमालवंधू का और [illegible] से लोंकों को प्रति-बोधन देने का महत्त्वपूर्ण उल्लेख है।

# उपा. विमलहर्षभास

राग धन्याश्री ॥ ढाल ॥ तूं जय तूं जयो हीर पट्टोधरनी।

श्री विमलहर्ष गुरु मोहन मूरति, दीठइ सुरनर मोहइजी।

( અનુસંધાન ટાઈટલ પેજ ૨ ના ઉપર

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર

For Private And Personal Use Only